તારીફે સુલતાન મહમદ

અથવા

ઇસમાઇલી દીનભાઇઓને વાંચવા લાયક કવિતાઓ.

છપાવી પ્રગટ કર્તા.

માસ્તર અલીભાઈ નાનજી.

કચ્છ—સીનુગરા.

(તાલુકો. કચ્છ અંજાર)

દોહરો.

સર્વ દિન બંધુ વાંચજો, તારીફે સુલતાન,
પ્રેમ થકી પુરણ કરો, થાએ તેમાં ગુલતાન.

આવૃત્તિ પહેલી. પ્રત ૨૦૦૦

અમદાવાદ.

ટંકશાળમાં ધી અ૦ યુનિયન પ્રિન્ટીંગ પ્રેસ કં૦ લિ૦ માં
મોતીલાલ શામળદાસે. છાપ્યુ

સંવત ૧૯૬૮. સને૧૯૧૨.

કીંમત ૦—૧—૦

તારીકે સુલતાન મહમદ.

બિસમિલ્લા હિરરહેમાનિરરહીમ.

રાગ ગોપીચંદનો.

વિનતી કરૂં હું પ્રેમથી, રૂડા નિકલંકી નાથજી;
દિદાર તમારા આપજો, કહું છું જોડી બે હાથજી. વિનતી. ૧
શરણે આવ્યો છું શ્રીહરિ, નથી મારે અવરની આશજી;
મનવાંછીત ફલ આપજો, કૃપાનિધી કેસવનાથજી. વિનતી. ૨
દયાસિંધુ દિનપતી, દિનાનાથ દયાલજી;
કૃપા કરો મુજ ઉપરે, પરિબ્રહ્મ પ્રતિપાલજી. વિનતી. ૩
ધરણી ધરતું ભુધરા, જદુપતિ સુંદર સામજી;
દરસન તમારાં આપજો, કરજો સેવકનાં કાંમજી. વિનતી. ૪
નથી બળ સાધન હમનું નથી બળભક્તિ જ્ઞાનજી;
સેવા સમરણ નથી કર્યું, નથી કર્યો યોગ ધ્યાનજી. વિનતી. ૫
દયાનિધી દયા કરો, હરિઆલો મુજહાથજી;
ચતુરભુજ વારે ચડો, મુજપર રીઝો સ્વામીનાથજી. વિનતી. ૬
વિનતી સુણી મહેર કરજો, સુલતાન મહમદ સામજી;
સરણે આવ્યાની લાજ રાખજો, રૂડા હાજર ઇમામજી વિનતી ૭

પાપી હું પાઉશીર લગી, પાવન કરો કૃપા નિદાનજી;
દાસ અલીની વિનતી, મૌલા ધરજો કાનજી. વિનતી. ૮

ગજલ.

જો ચાહો દિદારકુ આપ, તોહરદમ જાંપ જપતા જા;
આસા માર ચિંતા ટાલ, મનકું વસ કરતા જા. જો ચાહો. ૧
કામ ક્રોધ મોહમદ, લોભસેં દિલ ઉઠાતા જા;
વિષયવાસના છોડ કરતું, મુરસિદ સંગ મીલતા જા. જો ચાહો. ૨
પાંચ પચિસ કરત ચોરી, બંદિખાને બિઠાતા જા;
સત્ય ધર્મકા પોલિસ લેકર, ઉસકુંરવંશ કરતા જા. જો ચાહો. ૩
કુપાહએદો ફિરસ્તેવોહ, તિસસેં તું ડરતા જા;
કરતા કામ દિન સારા, વોહી લીખે સમજતાજા. જો ચાહો. ૪
જ્ઞાનકું અસ્વ કરકે તું, પ્રેમકા પલાણ કરતા જા;
હસમે આજમ પડકે તું, મુરસિદ સાથ લેતા જા. જો ચાહો. ૫
સિલ સંતોષ ખડંગ લેકર, ધર્મકી ઢાલ કરતાજા;
સુરતનિરત ઈડા પિંગલા, સુખમણા સ્નાન કરતા જા. જોચાહો. ૬
મન પવનસેં ગગનમે ચડ, નિરખે નિસાન બજાતા જા;
જોતમેં જોતસમા કરકે, નુરપિયાલા પીતા જા, જો ચાહો. ૭
કહે અલી સુનહો યાર, પ્રેમકા લક્ષ લેતા જા;
દુનિઆં ફાની હો દિનકી, ઉસસેંજીવ ઉઠાતા જા. જો ચાહો. ૮

રાગ સખી માહાપદ કેરી વાતનો.

સુલતાન સામી દિન દયાલ, વારે આવોરે;
વ્હાલા પ્રેમે કરૂં પરણામ, દિદાર આલોરે. ૧
રૂડા નિકલંકી હાજર ઈમામ, સુંદર સામીરે;
હુંતો કરજોડી લાગું પાય, શીશજ નામીરે. ૨
રૂખમુગત અમરિખ ધ્રુ પ્રહલાજ તાર્યોરે.
થંભથી પ્રગટયા નરસિંહરાય, હરણાકંસ માર્યોરે. ૩
વ્હાલા ધરીયો વામણરૂપ, પંચારે બલ ચાંપ્યારે;
કમળાધેનને ઉગાર્યો આપ, પોતાનો કરી થાપ્યોરે. ૪
સામી ફડસીરામ રૂપે રાયઃકમળાપતિ તાર્યોરે,
વ્હાલા ભક્તને થયા સહાય, કરગ્રહી ઉગાર્યોરે. ૫
તમે માર્યો દસાસુરરાય, શ્રીરામ રૂપ ધરીરે;
લંકાનું સોંપ્યું વિભિક્ષણને રાજ અહલ્યા ઓધારીરે. ૬
તારા રાણીની રાખી લાજ, હરિચંદ્ર કર ઝાલ્યોરે;
રોહીતાશ્વનાં સાર્યાં કાજ, તમે ઉગાર્યોરે. ૭
તમે પંચાવલીનાં પુર્યાં ચીર, દુર્યોધન માર્યોરે;
તમે તાર્યો યુધિષ્ટરરાય, નવ કોડીસું ઓધાર્યોરે. ૮
વ્હાલા કૃષ્ણ ધરી રૂપ, કાલીનાગ નાથ્યોરે;
તમે માર્યો કંસાસુર રાય, બુધરૂપ રાખ્યોરે. ૯

સામી તેજનું નિકલંકી નાથ, દસમે આવ્યોરે;
ધરી મુસલમાની રૂપ, સુલતાન મહમદ ઠેરાયોરે. ૧૦
વ્હાલા ભવોભવ ઉગાર્યા ભક્ત અમને તારોરે;
દાસ અલી કહે કરજોડ, સ્વામી વારે આવોરે. ૧૧

રાગ થાબખો.

એવો સુલતાન મહમદરાય, કારજ સઘળાં સુફલ થાય,
માતાના ગર્ભમાં કોલ દઇને આવ્યો તું સંસાર માંય;
તેતો કોલ તું ભૂલી જઇસ તો પડીસ ચોરાસી માંય. એવો. ૧
મોહમાયાનો પવન લાગ્યો, રાચ્યો તું સ્વપ્નાં માંય,
કાલે ફનાં આ દુનિઆં થાસે, વિચાર મનમાં કાંય એવો. ૨
રોજી માટે બહુ રખડે છે, જેની ચિંતા નથી કાંય;
રોજી રિજકતો આપસે વ્હાલો, જામીનગીરી માંય. એવો. ૩
ક્યાંથી આવ્યોને કીયાં જવાનો તેનો તું કરજે વિચાર;
અસલ સ્વરૂપ ભુલી જઇને કેમ થયો મુંઢ ગેમાર. એવો. ૪
રૂહ સાગરથી નોખો પડયોને, પડયો વેરાનમાંય;
તે જગાએ પહોંચતું પાછો વિચાર દિલની માંય. એવો. ૫
દિલની માંહે એવ ખુદાને જે છે સારંગ પ્રાણ;
ખરા યકીનની બંદગી કરીને, દરસન ખુદાનો માણ. એવો. ૬
દરસન દેખે પાતક જાએ, નિરમલ થાએ પ્રાણ;
લખચોરાસી મટી જાએને, નુરની થાએ ઓલખાણ. એવો. ૭

કાલ સાંચાણું નાથ ફરે છે, ઝડપી લેસે પ્રાણ;
સાચુ કહુંછું પ્રિતેથી ભજો, નહિતો થાસે હાણ. શ્રેવો. ૮
સમર ભાતું સાથે લઇને, પછી નીકરજો ગામ;
અલી કહે છે નહિ તો રખડીસ, સાથેનું આવસે કામ. શ્રેવો. ૯

પ્રેમની પ્રેમની એ રાગ.

આપજો આપજો આપજોરે, સામી દિદાર દિલમાં આપજો.
મધ દરિએ નાવ મારી પડી છે (૨) તારીને પાર ઉતારજોરે. સા.૧
નાવ મારી ઘણી છે જુની (૨) તેને તમે બચાવજોરે. સામી. ૨
માયા તણો તેને પવન લાગે છે (૨) તેમાંથી તમે ઉગારજોરે. સા.૩
મોટા ખડકમાં નાવ આથડે છે (૨) માલમબની ઉગારજોરે. સા.૪
પાંચ ચોર નાવ માંહે વસે છે (૨) તેને તમે સંહારજોરે. સામી. ૫
વિઠલવાલા વારેંજ આવો ( ) સેવકનાં કાજ સુધારજોરે. સામી. ૬
ઘડી એક માંહે વિણાસ થાસે ( ) ગરીબની વારે પધારજોરે.સા.૭
ઘણા વખતનો વિજોગ થયો છે (૨) તેને સંજોગ કરાવજોરે. સા. ૮
પલપલ તલખું સામી હું તમને (૨) વિઠલવારે આવજોરે સામી.૯
સર્વે વ્યાપક સામી તમે છો (૨) અંતરજામી ઉગારજોરે. સામી.૧૦
કરજોડી અલીએમજ વિનવે (૨) અરજ ઉરમાં ધારજોરે. સા. ૧૧

રાગ ગોપીચંદનો.

શ્રેવો સુલતાન મહમદરાયને, થાએ જીવનો ઓધારજી;
ચોરાસી ટલી મુક્તિ મલે, પામે મોક્ષ દિદારજી. શ્રેવો. ૧

કોલ દીધો ગિર્ભાવાસમાં, તે કાં ભુલી તું જાએ જી;
બંદગી જીકર કરતો નથી, વિચાર મનની માંહેજી. શ્રેવો. ૨
શ્રેવાએ આવ્યો સંસારમાં, ભુલ્યો માયા માંહેજી;
દુનિઆં ધંધે રાચી રહ્યો, રોજી રીજકની માંહેજી. શ્રેવો. ૩
ગિરભાવાસમાં કોણ પાલતું, ત્યાં કેણે કીધી સારજી;
પછી અવતર્યો સંસારમાં, વિચાર દિલની માંહેજી. શ્રેવો. ૪
માતા થાને દુધ આપીયું, તેજ આપસે અનજી;
મુરખ કેમ ભુલી ગયો, સાને ભટકે દિનરેનજી. શ્રેવો. ૫
પવન લાગ્યો માયા તણો, વિસર્યો હાજર ઈમામજી;
મોહ જંજાલે મચી રહ્યો, ભુલ્યો સુધને સાનજી. શ્રેવો. ૬
જેણે તારી રક્ષા કરી, તે અવતર્યા કિલતારજી,
કહે અલી સુણ પ્રાણીઆ, ચેત સંસારમાં માંહેજી. શ્રેવો. ૭

સુલતાન અરજ ઉર માંહે ધારજોરે, રૂડા નિકલંકી હાજર
ઈમામ સુલતાન અરજ ઉર માંહે ધારજોરે.

સાખી.

સુલતાન વહેલા આવજો, દેજો આપ દિદાર
વિઠલવારે ચડજો, દયા ધરી મન માંહે
વ્હાલા વિનતી સુણી વેગે વેલા આવજોરે, મારા છેલછબીલા
અંતરના આધાર. સુલતાન. ૧

સાખી.

સંસાર સાગર છે દોએલો, તે માંહે ખડક અપાર
નાવ પુરાની છે ઘણી, તેને ઉતારો પાર
વ્હાલા માલમ બનો મુજ નાવનાંરે, વેગે ઉતારો તમે ભવપાર
સુલતાન. ૨

સાખી.

અમે ગુનેહગાર બહુ છીએ, અવગુણુનો નહી પાર
તેને તમે બકસજો, દેજો દિલમાં દિદાર
વ્હાલા મહેર કરીને કર ઝાલજોરે, સામી અંતકાલે ઉતારજો પાર.
સુલતાન. ૩

સાખી.

દિલ મારૂં તલખે ઘણું, પાણી વીગર જેમ મીન
સાગર થઇ ઉગારજો, આવજો આખરત દીન
વ્હાલા જન્મ મરણનાં ભેટાલજોરે, દેજો દિલ માંહે આપ દિદાર.
સુલતાન. ૪

સાખી.

કરજોડી બંદો વિનવે, વિનવે વારંમવાર
અમે અગનાની બહુ છીએ, તેની કરજો સંભાર
વ્હાલા વિનતી સુણી દિદાર આપજોરે
દાસ અલા ને ઉતારજો પાર. સુલતાન. ૫

રાગ પઢોરે પોપટ રાજા રામના (પ્રભાત.)

એવો સાહા હાજર ઈમામને, જેથી મુક્તિ થાએ;
સરણો લઈ ગુર તણો, કરો નેક કમાઈ. એવો સાહા. ૧
કુડ કપટને દુર કરો, સમરો અંતર જામી;
કાલ ક્રિોધને પરહરો, જેથી મલસે સામી. એવો સાહા. ૨
નરસિંહરામને કૃષ્ણજી, ગયો બુધનો વારો;
દસમા અવતારને ભજો, તેથી થાય ઉગારો. એવો સાહા. ૩
મુસલમાની રૂપ ધરી, દસમે નિકલંકી આવ્યો;
તેને ભજો તમે ભાવસું, સુલતાન શાહા નામ ધરાયો. એવો સાહા ૪
જલ સાથે જેમ માછલી, તેવી પ્રિત લગાવો;
વિખુટી થાએ જે ઘડી, તરત જીવ ગમાવો. એવો સાહા. ૫
જ્ઞાન તણો દિવો લઈ, ઘટ માંહે જગાવો;
પાપ અંધારાને દુર કરી, તાલીસુર ચડાવો. એવો સાહા. ૬
પાપી છું પાઉંશીર લગી, નથી તરવાનો આરો
દાસ અલી એમ વિનવે, સામી પાર ઉતારો. એવો સાહા. ૭

રાજા બનજારો.

આવો ઉમંગે નરનારી, કરો ખુસિ આલી બહુ ભારી;
ગામે ગામ કિરતી જેની ગાજી, નુર સ્વરૂપે રહ્યા બિરાજીરે;
સુભ આલ અલી અવતારી. કરો ખુસિ આલી. ૧

લગની લાગી મુજને તારી, સાહા તુજ ઉપર જાઉં વારીરે;
તારી અકલ ગતી છે ન્યારી. કરો ખુસિ આલી. ૨
નમ્ન થકી અરજ એક મારી, સામી સુણજો ઉરમાં ધારીરે;
મને કરજો આપ દિદારી. કરો ખુસિ આલી. ૩
હરદમ અરજ એ મારી, વ્હાલા લેજો આપ ઉગારીરે;
મહમદ સુલતાન મોરારી. કરો ખુસિઆલી. ૪
દરિઆ દુખનો છે ભારી, વ્હાલા વારેં ધાજો સંભારીરે,
સામી આસ એક તમારી. કરો ખુસિઆલી. ૫
હાજર ઇમામ છો અવતારી, નરનારાયણ કિલતારીરે;
દાસ તણા તમે પ્રતિ પાલી. કરો ખુસિઆલી. ૬
તારા ચરણ કમળની વારી, મને આપો સુધ બુધ સારીરે;
રહે દાસ અલી બલહારી. કરો ખુશિઆલી. ૭

રાગ પરતક પાત્રને પરખીને (રામગ્રી)

હાજર ઇમામને સેવજો, ધરી રૂદા માંહે ધીર;
જન્મ મટે આ જગતમાં, સુખ પામસે જીવ. હાજર. ૧
રહે દિલની ભિંતરે, કરો ખોજ અપાર;
ઈસ્ક આધિન સામ છે, દેસે આપ દિદાર. હાજર. ૨
માશુક આવીયો હાથમાં, તે કેમ ખોઇ જાય;
મરણ તુજ માથે ફરે, પલમાં વિનાસ થાય. હાજર. ૩
આવો અવસર નહિ આવસે, શોક થાસે અપાર;
શ્વાસ જતાં પાછો નહિ આવસે, સાંભળો કરીમ આધાર. હાજર. ૪

સુલતાન સામી વસી રહ્યો, ઘટોઘટની માંય;
લઈ સરણો ગુર તણો, સોધો દિલની માંય. હાજર. ૫
તાલાં ખોલો દિલનાં, પ્રેમ કુચી લગાએ;
નગર જુઓ પ્રકાસનું, તિમર નાસી જાએ. હાજર. ૬
મન માયાથી વસ કરી, રાખો ગુર ચરણમાંય;
કરદમ જીકર કરી લે, જેથી પાપજ જાએ. હાજર. ૭
મરણ જીવણ ટાલવા, બંદગી કરો અપાર;
ફરમાણ દિલ માંહે કરો, જેથી થાએ ઓધાર. હાજર. ૮
સાચું કહું છું સર્વથા, અલી કરજે વિચારઃ
હાથ આવી બાજી જસે, હાની થાસે અપાર. હાજર. ૯

સાલગ્રેહ.

રાગ ધનાશ્રી.

વિસરૂ નહિ તુજ નામ, કદિ હું વિસરૂં નહિ તુજ નામ;
મહમદ સાહા સુલતાન. કદિ હું. ૧
સકલ સૃષ્ટી જેણે બનાવી, રચ્યાં જમી આસમાન. કદિ હું. ૨
સવાલ માસની તારીખ પચીસમી, જનમ્યા સાહા સુલતાન. ૩
અલી સાહા ઘેર સુલતાન મહમદ જનમ્યા, કરવા ભગતનાં કામ. ૪
નંદ આનંદ આજે, થાએ ખુસિ આલી ઠામોઠામ. કદિ. ૫

ઓછવ મંગલ આજ વરત્યો, જાણે ઉમરાપુરી ધામ. કહિ હું. ૬
ખંત ધરી સઉ મોમન મીલીઆ, થાએ મામેરાનું કામ. કહિ હું. ૭
મુબારક બાદી સહુને આપું, કરો કબૂલ તમામ. કહિ હું. ૮
દાસ અલી પ્રિતેથી વિનવે ધન્ય ધન્ય હાજર ઈમામ કહિ હું. ૯

રાગ કલ્યાણ.

યા અલી સુલતાન ઈસિમાઈલી ઇમામ;
નમ્ન કરૂં પ્રિતથી યા હાજર ઈમામ. ટેક.
ખુસિઆલી કરો મોમન ભાઇયો, ઉતમ દિવસ આજ;
અલી સાહા ઘેર જન્મ લઈને, પ્રગટ થયા માહારાજ.યા અલી.૧
સવાલ તારીખ પચીસમીને, સાલગ્રેહ કહેવાય;
ખુસી ખુસાલિ કરો ખંતથી, જન્મ દિવસનો આજ. યા અલી.૨
જમાત સર્વે મીલી પ્રિતથી સામી તુજ દરબાર;
મહેર કરો અગનાની ઉપર, દેજો આપ દિદાર. યા અલી. ૩
નોબત નગારાં નિસાન વાજે, ખુસિઆલી બહુ થાએ;
ગુણ ગાય સૌ તુજ તણા, યા સુલતાન મહમદશાય. યા અલી. ૪
સાલગ્રેહ શુભ દિવસ આજે, મામેરૂં ભરાય;
ખંત ધરી સઉ મોમન ભાઇયો, મામેરામાં જાએ. યા અલી. ૫
કરજોડી બંદો અલી વિનવે, વિનવે વારંવાર;
કૃપા કરો અમ ઉપર સામી, દેજો આપ દિદાર. યા અલી. ૬

આતવાર. (રાસડો.)

આતવારે અંતર માંહે રાખો, બંદગી કરીને ફલતમે ચાખોરે;
તમે દિલ માંહે આસજ રાખો, સુલતાન મહમદ સાહ હેતેથી શ્રેવોરે.
સોમવારે સામી રાજો ચડસેરે, પુરણ પ્રેમથી દિદાર મલસે;
સઉ મોમની ઉમેદ ફલસે, સુલતાન મહમદ સાહા હેતેથી શ્રેવોરે.
મંગળવારે મોલા મહેર ધરસેરે, દુઃખ કાપીને સુખ કરસેરે;
વ્હાલો સુવાગણ સઉને કરસે સુલતાન મહમદ સાહા હેતેથી શ્રે.
બુધવારે બ્રહ્મરૂપ સામીરે, ઓલખે તેનાં દુઃખ વામીરે;
સેહેજે વૈકુંઠનો છે ઠામી, સુલતાન મહમદ સાહા હેતેથી શ્રેવોરે.૪
ભેસ્તરવારે તે ભજો મન ધરીરે, સુલતાન સાહારૂપે અલીરે;
કીધાં કરતપ જાએ બલી, સુલતાન મહમદ હેતેથી શ્રેવોરે. ૫
શુક્રવારે તે સરવે સંગાથીરે, શ્રેવો પ્રિતેથી અવિનાસીરે;
ન ઓળખે જાય નીરાસી, સુલતાન મહમદ સાહા હેતેથી શ્રેવોરે.૬
શનીવારે સકલ સંસારીરે, ઓળખો આતમ રૂપ મોરારીરે;
તન મન ધન ધનને દીયો વારી, સુલતાન મહમદ સાહા હેતેથી શ્રે.
આતવારની સીખ છે સારીરે, ભાવે ભજો સઉ નર નારીરે;
દાસ અલી જાએ બલહારી, સુલતાન મહમદ સાહા હેતેથી શ્રે. ૮

બારમાસી.

(સખી માહાપદ કેરી વાતનો રાગ.)

અસલ જુદાઇ.

કારતકે કરમની વાત, કહું સું કંથીરે;
થયા વિખુટા જીવન પ્રાણ, સહેવાતું નથીરે.
આજ દિન સુધી સામ, ન થયો સંગરે;
દરિઆ દુખ તણો નાથ, પ્રગટયો મુજ અંગરે. ૧
માગસરે મનડાની વાત, કોની આગળ કહુંરે;
વ્રેહવ્યાકુળ થાએ જીવ, કેમ કરી રહુંરે.
કહેતા નહી આવે પાર, જાણે જીવણ પ્રાણરે;
આસા પુરો સુણી આજ, ગરીબની વાણરે. ૨
પોસ માસે પીયુનો વિજોગ, તલપે ઘણું અંગરે;
વ્રેહ વાપીયો સર્વ શરીર, કયારે થાસે સંગરે.
પ્રેમી પ્રેમ તણીરે પ્રીત, હેસું નથી હાથરે;
મહેર કરો દિન દયાળ, ગુનાહ કરજો માફરે. ૩
માહા મહિને મનની માંહે, મોહન મહેર લાવોરે;
પ્રગટે દાવાનળ દિલ માંહે, તમે બુઝાવોરે.
બળતાં ઓલાય છે બધ્યું વેણુ, રખે રીસ આવોરે;
છું ભાગ્યહિણ હું નાર, મહેરજ આવોરે. ૪

ફાગણે ફુલ્યાં ફુલ, પિયુ વીણ સું કરૂંરે;
સામી વિજોગે દિન રેન, ઝુરીને મરૂંરે.
વ્હાલા વિજોગીરે જીવ, રૂદન ઘણું થાએરે;
જેમ પાણી વીગરનું મીન, તરફડી જીવ જાએરે. ૫
ચૈતરે ચતુર સામ, ચિત મારૂં ચડેરે;
રોહી રાતી થઇ આંખ, નેહ વેહનાં બળેરે.
કરગરી કહું છું સામ, દયા દિલ આણોરે;
અમો અવગુણી અપરંમપાર, ઘણા જુગની જાણોરે. ૬
વૈસાખ મહીને વાલમ, સાંભળે તુજ વેણુરે;
ગયા ખટ માસ એમ, ઘણા દુખ દેણુરે.
કરજોડીને કહું છું નાથ, રહેહ દયા આણોરે;
પાપી છું હું સીરથી પાંવ, સરણાગતી જાણોરે. ૭
જેઠ માસે જાદુરાય, મન મહેર કરોરે;
સામી થજો અમને સહાય, દયા દિલ ધરોરે.
કર્યા વિધાતાએ લેખ, તેમાં સું કરૂંરે;
મારા કરતુકનો છે વાંક, દોસ કેને દઉરે. ૮
અશાડી આવ્યો માસ, દોએલા દિન જાએરે;
પડે વરસાદ ઘમઘોર, બહુ વિજળી થાએરે.
વ્હાલા મહેર કરો મન, ઉગારો હુ રાંકરે;
કરો દિલ માંહે ક્ષમાય, અમારો વાંકરે. ૯

શ્રાવણુ સુખનો છે માસ, લાગે મુજને દુખીરે;
સામી વીણુ અબડા નાર, દસા તેની ઉઠીરે.
કહું કેટલું કરગરી નાથ, શીશ બહુ નામીરે;
મને સુવાગણુ કરો ભડથાર, વાંક મુજ વામીરે. ૧૦
ભાદરવે ભરીયાં નીર, સામી વીણુ શું કરૂંરે,
દિલમાં દરશન આપો દયાલ, પતંગ જેમ મલુંરે.
વ્હાલા સુલતાન મહુમદ સામ, વિનતી ઘણી કરૂંરે;
હું ચરણુ કમળની દાસ, કેમ તમ વીણુ ફરૂંરે. ૧૧
આસુ માસે આસા છે સામ, ઘણી મુજ મનરે;
આપો દિદાર દિન દયાલ, પાવન કરો તનરે.
દાસ અલી કહે કરજોડ, કસ્ટ મારાં કાપોરે;
રૂડા નિકલંકી હાજરઇમામ, સુલતાન સાહા દિદાર આપોરે.૧૨

રાગ બનજારો.

સર્વ દિનબંધુ અધિકારી, એક અરજ સુણજો મારી;
તારીફ સુલતાન સાહાની આએ, તેનાં પાપ પ્રાશ્ચત જાએ;
પામે અવિચલ પદમી સારી, એક અરજ૦ ૧
હું પિંગલ પાઠ ન જાણું, નામ સુલતાન સાહાનું વખાણું;
તે માફ કરે મોરારી, એક અરજ૦ ૨

આ પુર્ણ થઈ છે બુક, તેમાં હોએ જે ભુલ ચુક;
તે ક્ષમા કરજો વિચારી, એક અરજ૦ ૩

વાંચી સાર ગ્રહણ કરજો, સેવા કરી ભવસાગર તરજો;
ક્ષાસ અલીની વિનતી સ્વીકારી, એક અરજ૦ ૪

દોહરો.

તારીફે સુલતાન વાંચજો, રાખી મનમાં ધીર;
ભુલ ચુક જે હોએ તે, માફ કરો મુજ વીર.

ખુશખબર.

આફ્રિકામાં આ પુસ્તક મલવાનું ઠેકાણું:—

ખોજા. કે. મેઘજી વીસરામ.
(ડચ ઓસ્ટ આફ્રિકા) શ્રી કિલોસા.
